કપડવંજ ખાતે બાળ મજુરી વિરોધી દિને યોજાયેલ રેલી

કપડવંજ, તા. ૧૨

આજે જીલ્લા સુરક્ષા એકમ ખેડા (નડીઆદ) દ્વારા ૧૨ જૂનને મંગળવારના રોજ ખેડા જીલ્લાના કપડવંજ શહેરમાં બાળ મજુરી વિરોધ દિન નિમિત્તે રેલીનું આયોજન કરવામાં આવેલ હતુ. આ રેલીને સફળ બનાવવા માટે જીલ્લા બાળ સુરક્ષા એકમ નડિયાદ ધ્વારા એમ.પી. મ્યુનિસિપલ હાઇસ્કૂલ, કપડવંજ સાથે સંકલન કરેલ હતું અને શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને સામેલ કરવામાં અવ્યાં હતાં. તે ઉપરાંત કપડવંજ ટાઉન પોલીસ દ્વારા ઉસ્તાહપૂર્વક સહકાર પૂરો પાડવામાં આવેલ હતો તથા ચાઇલ્ડ લાઇન, કપડવંજ અને નડિયાદના કર્મચારી ગણ પણ આ રેલીમાં હાજર રહેલ હતાં. આ રેલીને એ.કે.ઝાલા, તાલુકા વિકાસ અધિકારી, કપડવંજ ધ્વારા લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવેલ. આ રેલી એમ.પી. મ્યુનિસિપલ હાઇસ્કૂલથી નીકળ્યા બાદ કપડવંજ શહેરના વિવિધ મુખ્ય માર્ગો ઉપર થઇને પરત એમ.પી. મ્યુનિસિપલ હાઇસ્કૂલમાં લાવીને રેલી પુર્ણ કરવામાં આવી હતી. આમ, વિશ્વ બાળ મજુર વિરોધી દિન નિમિત્તે કપડવંજ શહેરના વિવિધ વિસ્તારમાં રેલી લઇ જવામાં આવેલ હતી.

આ રેલીમાં જીલ્લા બાળ સુરક્ષા એકમના કર્મચારીગણ તથા એમ.પી. મ્યુનિસિપલ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા બાળ મજૂરીના વિરોધમાં ''બાળ મજુરી અટકાવો'', 'બાળક એ ફુલ છે ફુલને ખીલવા દો' જેવા વિવિધ સુત્રોચ્ચાર કરવામાં આવેલ હતા.

આ રેલીને સફળ બનાવવા માટે તાલુકા વિકાસ અધિકારી-કપડવંજ, પોપટસિંહ ઝાલા, બાળ કલ્યાણ સમિતીના સભ્ય, બારૈયા સાહેબ, ના.મામ. કપડવંજ, હાઇસ્કૂલના આચાર્ય, મહેશ પટેલ, જીલ્લા બાળ સુરક્ષા અધિકારી તથા જિલ્લા બાળ સુરક્ષા એકમના તમામ કર્મચારીગણ, ચાઇલ્ડ લાઇન-કપડવંજ તથા નડિયાદના કર્મચારીગણ, એમ.પી. મ્યુનિસિપલ હાઇસ્કૂલ, કપડવંજના શિક્ષક મિત્રો, કપડવંજ ટાઉન પોલીસના કર્મચારીગણ તથા સૌથી અમુલ્ય એવા એમ.પી. મ્યુનિસિપલ હાઇસ્કૂલના ૪૫૦ જેટલા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ આ રેલીમાં ભાગ લઇ આ રેલીને સફળ બનાવી હતી.

જિલ્લા સંકલન સમિતિની બેઠક ૧૫મીને શુક્રવારે મળશે

ગાંધીનગર, તા. ૧૨

દર મહિનાના ત્રીજા શનિવારે મળતી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક આ વખતે શુક્રવારે સાંજે ૪ વાગે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે કલેક્ટર કચેરી ખાતે મળશે.

આ માસના છેલ્લા ત્રણે શનિ-રવિ સંયુક્ત રજાઓ આવતી હોવાથી આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં ધારાસભ્યોના પ્રશ્નો અને રજુઆતો સાંભળી તેના નિકાલ માટેની કાર્યવાહી થતી હોય છે. આ ઉપરાંત વિવિધ કચેરીઓની કાર્યવાહીની સામાન્ય ચર્ચાઓ અને વિભાગોના આંતરિક સંકલન અંગે પણ ચર્ચાઓ થતી હોય છે.

જિલ્લા સંકલન સમિતિની બેઠક શુક્રવારે યોજવાની થતી હોવાથી વિભાગો દ્વારા તૈની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. કારણ કે ૧૪-૧૫ પ્રવેશોત્સવ છે અને પ્રવેશોત્સવ પછી તુરત જ આ બેઠક હોવાથી તંત્રની દોડધામ જોવા મળી રહી છે.

રામનગર હાઈસ્કુલના છાત્રો ઝળક્યા

ભિલોડા, તા.૧૨

ભિલોડા તાલુકાના રામનગર ગામની શેઠ જે.એમ.તન્ના વિદ્યાલય, રામનગરનું ધોરણ.૧૨ નું પરીણામ ૮૪.૨૧ % આવેલ છે. વિદ્યાર્થીઓએ શાળા પરીવારનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. મેઘા ડી.વણકર ૭૮.૪૩ % પ્રથમ, ચેતના એ.પ્રણામી ૭૬.૧૪ % દ્વિતીય, સુરેશ ડી.તરાલ ૭૩.૮૬ % તૃતીય ક્રમાંક મેળવી રામનગર હાઈસ્કુલ તેમજ રામનગર ગામનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારેલ છે. શેઠ જે. એમ. તન્ના વિદ્યાલય,રામનગર હાઈસ્કુલ આચાર્ય,સ્ટાફ પરીવારએ ધોરણ.૧૨ બોર્ડ ની પરીક્ષામાં ઉર્તીણ થનાર તમામ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

બેચરાજી ખાતે એપ્રેન્ટિસશીપ ભરતી મેળો યોજાયો

મહેસાણા, તા. ૧૨

બેચરાજી ખાતે મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટિસશીપ યોજના હેઠળ સુઝુકી મોટર ગુજરાત દ્વારા એપ્રેન્ટિસ ભરતી મેળો ૨૪ મે ૨૦૧૮ના રોજ યોજાયો હતો. આ રોજગાર ભરતી મેળા દરમિયાન બેચરાજી ખાતે ૬ વિધાર્થીઓની એપ્રેન્ટિસ તરીકે કંપની દ્વારા સારા સ્ટાઈપેન્ડ અને સગવડ સાથે ઓફર કરાઈ હતી. સુઝુકી મોટર ગુજરાત કંપની ગુજરાતના વિધાર્થીઓને તાલીમાર્થી તરીકે તકો મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ છે. આગામી સમયમાં રાજયમાં યોજાતા ભરતી મેળામાં વિધાર્થીઓ બહોળી સંખ્યામાં ભાગ લે તેવી પ્લેસમેન્ટ સેલ બેચરાજીએ અપીલ કરી છે.

આરોપો ઘડાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

૫૦૦ (માનહાનિ) અંતર્ગત આરોપો નક્કી કર્યાં છે. સુનાવણી દરમિયાન રાહુલ ગાંધીએ પોતાને નિર્દોષ ગણાવ્યાં અને કહ્યું કે આ મામલે હું દોષી નથી. આ દરમિયાન તેમની સાથે મહારાષ્ટ્રના પૂર્વ સીએમ અશોક ચવ્હાણ અને અશોક ગેહલોત પણ હતા.

કોર્ટે વર્ષ ૨૦૧૪માં આરએસએસ કાર્યકર્તા રાજેશ કુંતે દ્વારા દાખલ માનહાનિના એક મામલે નિવેદન નોંધી રાહુલને કોર્ટમાં હાજર રહેવાના રજી મેનાં રોજ આદેશ આપ્યાં હતા. ૬ માર્ચ, ૨૦૧૪નાં રોજ એક ચૂંટણી રેલીમાં રાહુલ ગાંધીના ભાષણને જોયાં બાદ કુંતેએ કેસ દાખલ કર્યો હતો. પોતાના ભાષણમાં રાહુલે કહ્યું કે મહાત્મા ગાંધીની હત્યા પાછળ આરએસએસનો હાથ હતો.

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી વિરૂદ્ધ આરએસએસના એક કાર્યકર્તા દ્વારા તેમના વિરૂદ્ધ દાખલ માનહાનિના કેસમાં મંગળવારે તેઓ કોર્ટમાં હાજર થયા હતા. રાહુલ ગાંધી લગભગ ૧૧ વાગ્યે ભિવંડીની કોર્ટમાં હાજર થયા હતા. રાહુલ ગાંધીની ઉપસ્થિતિને લઈને સુરક્ષાની કડક વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કેસમાં હાજર રહેવા અંતર્ગત રાહુલ ગાંધી મહારાષ્ટ્રના બે દિવસના પ્રવાસ પર છે, ત્યારે તેઓ સવારે મુંબઈ પહોંચ્યા હતા.

લગ્ન પ્રસંગોએ ખાનગી ટ્રાવેલ્સના વિકલ્પે સરળ-સલામત કિફાયતી બસ સેવાઓ એસ.ટી.નિગમ પૂરી પાડશે

૨૦ કિ.મી. સુધીના આવવા-જવાના પ્રવાસ માટે રૂા. ૧૨૦૦ : ૪૦ કિ.મી. સુધીના આવવા-જવાના પ્રવાસ માટે રૂા. ૨૦૦૦ : ૬૦ કિ.મી. સુધીના આવવા-જવાના પ્રવાસ માટે રૂા. ૩૦૦૦

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં રાજય સરકારની માર્ગ પરિવહન સેવાઓમાં નફો કે નૂકશાન નહિ, પ્રજાજનોની સુવિધાઓ સગવડતાનો કેન્દ્રવર્તી ધ્યેય રાખ્યો છે તેમ સ્પષ્ટપણે જાહેર કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાજયના સામાન્યમાં સામાન્ય મુસાફરને પણ સલામતીનો વિશ્વાસ અહેસાસ એસ.ટી. નિગમની બસોમાં થાય છે.

મુખ્યમંત્રીએ પ્રજાવર્ગોના આ વિશ્વાસ ભરોસાને વ્યાપક સ્તરે બળવત્તર બનાવતાં મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. નાગરિકો-પ્રજાજનોને લગ્ન સરામાં ખાનગી ટ્રાવેલ્સના વિકલ્પરૂપે સલામત-સરળ અને સસ્તી બસ સેવા રાજ્ય સરકાર ઉપલબ્ધ કરાવવા પ્રતિબધ્ધ છે.

મુખ્યમંત્રીએ આ અંગેની પ્રજાલક્ષી જાહેરાત કરતાં જણાવ્યું કે, લગ્ન પ્રસંગ માટે એસ.ટી.નો લાભ વધુ મળે તે માટે ૨૦ કી.મી. સુધી આવન-જાવન માટે માત્ર રૂા. ૧૨૦૦ તેમજ એક ફેરો હોય તો રૂા.૭૦૦ના નજીવા દરે સેવા અપાશે. એટલું જ નહીં ૪૦ કિ.મી. સુધી આવવા-જવાના ફેરા માટે રૂા.૨૦૦૦ અને એક ફેરા માટે રૂા.૧૨૦૦ ચૂકવવાના રહેશે તથા ૬૦ કિ.મી. સુધી ઉપયોગ કરનારે આવન-જાવન માટે ત્રણ હજાર અને એક ફેરા માટે રૂા.૧૫૦૦ ચૂકવવાના રહેશે.

મુખ્યંત્રીએ જણાવ્યું હતું કે સેવાના અવિરત ભાવથી નિગમ સતત આગળ વધતું રહ્યું છે. એસ.ટી.ના પૈડા કયારેય થંભ્યા નથી તે જ પુરવાર કરે છે કે એસ.ટી.ની વિશ્વસનીયતા અને સેવાભાવ આજે પણ અકબંધ છે. તેમાં નિગમના ડ્રાઇવર-કંડકટરો-કર્મચારીઓનો અનન્ય ફાળો છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે અગાઉ જુની પુરાણી પધ્ધતિઓથી કામ થતુ હતું અને આજે કર્મચારીઓએ નવા ઈનોવેશન અપનાવ્યા છે તે આવકાર્ય છે. એટલું જ નહીં ઈન હાઉસ બોડી બીલ્ડીંગનું પરિમાણ એસ.ટી.એ પ્રસ્થાપિત કર્યું છે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે એસ.ટી.નામ જ લોક પરિવહન સેવાનો પર્યાય બન્યો છે. શહેરમાં ગીતા મંદિરથી લાખો મુસાફરો એસ.ટી. દ્વારા પ્રવાસ કરે છે. લોકોને સુરક્ષિત સરળ પરિવહન સેવા આપવા રાજય સરકાર કૃતનિશ્ચયી છે. સાથે સાથે એસ.ટીના કર્મચારીઓ માટે પણ રાજય સરકારે સંવેદનશીલ અભિગમ અપનાવ્યો છે. વિવિધ પરિસ્થિતિમાં પણ નિગમે તેની સેવા અવિરત રાખી છે. એસ.ટી. સેવા એ માત્ર એક સર્વિસ જ નથી પરંતું પ્રજાજીવનની ધબકતી સેવા છે. જેને દિનપ્રતિદિન વધુ પ્રજાલક્ષી બનાવાઈ છે. આજે શરૂ કરાયેલા નવા પ્રકલ્પો રાજયની પ્રજાને વધુ સરળ- સુરક્ષિત સેવા આપનારા બનશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યકત કર્યો હતો.

અરૂણાચલના ડોકટર્સની ટીમે ગાંધીનગર સિવિલની મુલાકાત લીધી

ગાયનેક વિભાગના ડોક્ટર્સનું વેકેશન રદ કરાયું

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સિવિલમાં મેડીકલ કોલેજને પગલે ડોકટરોને એજ્યુકેશનના નિયમ અનુસાર ઉનાળામાં ૧૫-૧૫ દિવસનું બે તબક્કામાં વેકેશન આપવામાં આવે છે. જેમાં પહેલા તબક્કાનું વેકેશન પૂર્ણ થઈ ગયું છે અને બીજા તબક્કાના ડોક્ટરોનું વેકેશન ચાલુ હોવાથી રજાઓ પર ગયા છે. ત્યારે આજે અરૂણાચલ રાજયના આરોગ્ય વિભાગના ઉપરી અધિકારીઓ સહિત ત્યાંની ટીમ સિવિલના લેબર વોર્ડનું આઈસીયુ જોવા માટે આવ્યા હતા. ઉપરાંત લક્ષ્ય પ્રોજેકટ માટે પણ આગામી સમયમાં ટીમ આવવાની હોવાથી ગાયનેક વિભાગના એચઓડીએ ગાયનેકના ડોક્ટર્સનું વેકેશન રદ કરીને હાજર થવા ફરમાન કર્યું છે.

ગાંધીનગ સિવિલ હોસ્પિટલ મેડીકલ કોલેજ સંચાલિત છે. મેડીકલ કોલેજને પગલે સિવિલને પગલે પાંચ માળની ઓપીડી અને આઠ માળની ઈમારત ઉભી કરાઈ છે. કોલેજને પગલે દર્દીઓને મળતી સેવામાં પણ વધારો થવા પામ્યો છે. ત્યારે ગાયનેક વિભાગમાં લેબર વોર્ડ અને એચઆઈસીયુ તાજેતરમાં જ આધુનિક બનાવાયું છે.

સમગ્ર ભારતભરની સરકારી હોસ્પિટલમાં આ પ્રકારનુ આઈસીયુ કદાચ પ્રથમ છે. ત્યારે લેબર વોર્ડ અને આઈસીયુની મુલાકાત પહેલા અરુણાચલ પ્રદેશના અધિકારીઓની ટીમ આવીને નિરીક્ષણ કરીને ગઈ હતી. ત્યારબાદ આજે ફરીવાર અરુણાચલ આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની ટીમ આવી પહોંચી હતી. અને લેબર વોર્ડ તેમજ એચ આઈસીયુની મુલાકાત લઈને ધ્યાનથી નિરીક્ષણ કર્યું હતું.

આ ટીમ ઉપરાંત લક્ષ્ય પ્રોજેકટની ટીમ પણ આગામી સમયમાં ગાંધીનગર સિવિલના લેબર વોર્ડ, એનઆઈસીયુ, એચઆઈસીયુ, સહિતના વોર્ડની મુલાકાતે આવનાર છે. ત્યારે સિવિલના ગાયનેક વિભાગના એચઓડી અને સિવિલ સુપ્રિટેન્ડન્ટ દ્વારા ગાયનેક ડોક્ટર્સનું ઉનાળાનું વેકેશન રદ કરવામાં આવ્યું છે અને સિવિલમાં તાત્કાલીક ધોરણે હાજર થવા ફરમાન કરાયું છે. ત્યારે વેકેશનમાં બહાર ફરવા ગયેલા ડોક્ટર્સે પણ વેકેશન રદ કરવામાં આવતા ગાંધીનગર તરફ દોટ મુકી છે.

કલોલ તાલુકા હોમગાર્ડઝ યુનિટનો સત્કાર સમારંભ યોજાયો

કલોલ તાલુકા હોમગાર્ડઝ યુનિટ દ્વારા ગત તા. ૯મી જૂનના રોજ કલોલ આંબેડકર હોલ ખાતે સત્કાર સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં કલોલ યુનિટ ઓફિસર કમાન્ડીંગ એમ.કે. પરમાર, ગાંધીનગર જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ વી.આર. પ્રજાપતિ, પ્લાટુન કમાન્ડર વી.એમ. રાઠોડ, જિલ્લા ઈન્સ્ટ્રક્ટર કે.ડી. રાજપૂત, સ્ટાફ ઓફિસર વહીવટ એન.પી. ભાટી, સ્ટાફ ઓફિસર તાલીમ પી.એચ. સોઢા, ઓફિસર કમાન્ડીંગ ગાંધીનગર જી.એમ. પટેલ, ઓફિસર ઈન્ચાર્જ ચિલોડા યુનિટ એન.જે. સોલંકી ઉનાવા, ટીંટોડા, માણસા યુનિટના ઈન્ચાર્જ ઓફિસર કલોલ યુનિટના તમામ પુરૂષ તથા મહિલા હોમગાર્ડઝ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભમાં બઢતી મેળવેલ પી.એસ. યાદવ, કલોલ, બીપીનભાઈ સોલંકી, વિક્રમ રાઠોડને પ્લાટુન કમાન્ડર તરીકે બઢતી મળતાં સન્માન કરવામાં આવ્યું હતું. સત્કાર સમારંભ હિંમતભાઈ વાઘેલાએ દેશભક્તિ ગીત રજૂ કરી શુભારંભ કરાવ્યો હતો. આ ઉપરાંત કલોલ હોમગાર્ડઝ જવાન મહેશ મહેરીય સીંગર હાજર રહ્યા હતા.

મહેસાણા જિલ્લામાં ૨૧ જુને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે

મહેસાણા, તા. ૧૨

મહેસાણા જિલ્લામાં ૨૧ જુને વિશ્વ યોગ દિવસની ઉજવણી થનાર છે. જિલ્લાનો મુખ્ય કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે ૬.૩૦ કલાકથી યોજાશે.

ગુલમહોર ● ચોથા પાનાનું ચાલું

સુખ-ચેન ન અનુભવાય. આ સંજોગોમાં શાયર સાની મિસરામાં પડકાર આપે છે કે ''તું જ કર પુરવાર ત્યાં નારદ નથી.''

'''શૂન્ય' આ સર્જનની પાછળ હું જ છું.
એ સનાતન સત્ય છે, હુંપદ નથી.''

મક્તાના આ શે'રમાં શાયરે પોતાના તખલ્લુસને ગરિમાપૂર્ણ ઊંચાઈ બક્ષી આપી છે. પૃથ્વીની પેલે પાર સકળ બ્રહ્માંડમાં શૂન્યાવકાશ ફેલાયેલો છે અને સકળ સર્જન પાછળ જે સર્જનહારની ગેબી શક્તિ, દૈવી તત્વ સમાયું છે તે ઈશ્વર ખુદ છે. ભગવાન શ્રીકૃષ્ણે કુરુક્ષેત્રના મેદાનમાં ''શ્રીમદ્ ભગવદ ગીતા''ના ઉપદેશવચનોમાં કહ્યું છે ને કે ''અહમ્ બ્રહ્માસ્મિ.'' – ''હું જ બ્રહ્મ છું. સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર હું જ છું.'' તો, શાયર મક્તાના આ શે'રમાં સમગ્ર ગઝલનો સારાંશ આપણી સમક્ષ મૂલવી મૂકે છે કે આ જ તો સનાતન સત્ય છે, અને એમાં ભગવાન જે હું શબ્દનો પ્રયોગ કરે છે, તેની પાછળ તેમનું હુંપણું તો જરાય નથી. આ જ તો સત્ય છે. સમગ્ર ગઝલ આપણને ઈશ્કે હકીકીના નવા જ ભાવવિશ્વમાં દોરી જાય છે અને શાશ્વત ચેતનાની અનુભૂતિ કરાવી જાય છે.

મનુભાઈ પંચવટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

ચિલોડા ખાતે પોલીસકર્મીઓ માટે સર્વ રોગ નિદાન યજ્ઞ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

મનુભાઈ પંચવટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પોલીસ કર્મીઓ માટે સર્વરોગ નિદાન કેમ્પ ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે આજે યોજાયો હતો. જેનો મંગલ પ્રારંભ ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક વિજયકુમાર પટેલે કરાવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય શંભુજી ઠાકોર સુરેશભાઈ પટેલ ટ્રસ્ટના કાર્યવાહક સી.કે. પટેલ તેમજ અપોલો હોસ્પિટલના ડોકટરો તેમજ બ્રહ્માકુમારી કૈલાસદીદી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય શંભુજી ઠાકોરે સ્વ. મનુભાઈ પટેલ પંચવટીને સાચી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા આ કાર્યક્રમ યોજવા બદલ ખેરમાભાઈ પટેલ તેમજ તેમના પરિવારજનોને અભિનંદન આપતા સરકાર દ્વારા આરોગ્ય સેવાઓની અપાતી વિવિધ યોજનાઓની રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે ટ્રસ્ટના કાર્યવાહક એન.આર.આઈ. પાટીદાર આગેવાન સી.કે. પટેલ, પૂર્વ કલેકટર કાન્તિભાઈ પટેલ, વજુભાઈ પલસાણા, બ્રહ્માકુમારીઝ, કે.કે. પટેલ, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમના ચેરમેન દશરથભાઈ પટેલ, ચિલોડા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર એલ.ડી. વાઘેલા, ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક વિજયકુમાર પટેલ, વિનોદ રાઠોડ વિગેરેએ હાજર રહી સ્વ. મનુભાઈ પટેલ પંચવટીને શ્રધ્ધાંજલી આપી મનુભાઈના સેવાભાવી સ્વભાવને યાદ કર્યા હતા. આ પ્રસંગે ૧૫૦ જેટલા પોલીસ કર્મીઓને એપોલો હોસ્પિટલ દ્વારા સર્વ રોગ નિદાન કરી આરોગ્ય અંગે જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડૉ. મુકેશભાઈ શર્માએ મગજના રોગો વિશે તેમજ લકવા જેવા રોગો અંગે વિસ્તૃત માહિતી અને તેની સારવાર અંગે સમજ આપી હતી. તેમજ ડૉ. કાશ્મીરાબેન ઝાલાએ ફેફસા દ્વારા થતા વિવિધ રોગોની અને સારવારની સમજ આપતા બંને ડોકટરોએ યોગ ઉપર ખાસ ભાર મૂક્યો હતો. દિવસે દિવસે શારિરીક શ્રમ ઘટતો ગયો છે ત્યારે પાંચ કિલોમીટર ચાલવું ચરબીયુકત ખોરાક ઘટાડવા પર ભાર મુકયો હતો.

આ પ્રસંગે ટ્રસ્ટના સંયોજક બંસીભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી મનુભાઈ પંચવટી ચેરીટેબલ ટ્રસ્ટની રૂપરેખા આપી આખા વર્ષ દરમિયાન મનુભાઈ પટેલના સેવાભાવી કાર્યો જિલ્લામાં જરૂરિયાત લોકો સુધી પહોંચાડવાની વિગતો આપી હતી.

એપોલો હોસ્પિટલના એડમીન જે.કે. ઉપાધ્યાયે આભારવિધિ કરતા એપોલો હોસ્પિટલ દ્વારા આ કેમ્પમાં આપવામાં આવતી વિવિધ સેવાઓની વિગતો આપી હાજર રહેલા તમામ પોલીસ અધિકારી કર્મીઓ વિગેરેનો આભાર માન્યો હતો.

અધ્યાયની શરૂઆત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રમ્પ અને ૩૪ વર્ષીય કિમ વચ્ચે પહેલા એકલામાં મંત્રણા થઈ હતી. જેમાં માત્ર અનુવાદકો હાજર રહ્યા હતા. ઉત્તર કોરિયાએ વાતચીત માટેની તમામ તૈયારી પહેલા જ દર્શાવી હતી. જેની ઉત્સુકતાપૂર્વક દુનિયાના દેશો રાહ જોઈ રહ્યા હતા તે બેઠક પહેલા બંને નેતાઓ સિંગાપોરમાં પહોંચી ગયા હતા અને સિંગાપોરના વડાપ્રધાન સાથે વાતચીત કરી હતી. સિંગાપોરમાં કિમ રવિવારના દિવસે જ આવી પહોંચ્યા હતા. ટ્રમ્પ મોડેથી પહોંચ્યા હતા. આ બેઠક સિંગાપોરના સેન્ટોસા આઈલેન્ડ પર આવેલી ફાઈવસ્ટાર રિસોર્ટ હોટલમાં હતી..માર્ચ મહિનામાં ટ્રમ્પે એમ કહીને વિશ્વના દેશોને ચોંકાવી દીધા હતા. કે, તેઓ કિમને મળવા માટે તૈયાર છે. થોડાક દિવસ પહેલા જ ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયાના પ્રમુખો પણ મળ્યા હતા. સિંગાપોરના લોકો કિમની એક ઝલક મેળવી લેવા માટે પડાપડી કરી રહ્યા છે પરંતુ તેમની એક ઝલક પણ મેળવી શકાઈ નથી. કિમની સમગ્ર યાત્રા ખુબ જ ગુપ્ત રાખવામાં આવી હતી. કિમ ક્યા વિમાનથી પહોચ્યા હતા તે બાબત પણ જાહેર કરવામાં આવી ન હતી. પ્યોગયાંગથી ત્રણ વિમાન સિંગાપોર પહોંચ્યા હતા. જે પૈકી એક સોવિયત નિર્મિત ઈલ્યુશિન -૬૨ વિમાન હતુ. જે કિમનુ અંગત વિમાન છે. કિમ ક્યા વિમાનથી પહોંચ્યા હતા તે બાબત જાહેર કરવામાં આવી ન હતી. સિંગાપોરમાં પહોંચ્યા બાદ કિમ સૌથી પહેલા ત્યાંના વિદેશ પ્રધાન વિવિયન બાલાકૃષ્ણનને મળ્યા હતા. ચાંગી વિમાનમથકથી કિમને ગાડી મારફતે હોટેલ સુધી લઈ જવામાં આવ્યા હતા. એ વખતે તેમની સાથે ૨૦થી વધારે વાહનોનો કાફલો રહ્યો હતો. સિંગાપોરના લોકો માર્ગો પર કિમની ઝલક જોવા માટે ઉમટી પડ્યા હતા. લિમોજીન ગાડીનો ફોટો પાડવા માટે પડાપડી થઈ હતી. સેન્ટ રિજિસ હોટેલની બહાર પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ હોટેલમાં કિમ રોકાયા છે. સમગ્ર હોટેલને વધુને વધુ ઢાકી દેવામાં આવી હતી. ઉત્તર કોરિયાના લીડર કિમ જોંગ ઉન અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સિંગાપોર બેઠકને લઈને પહેલાથી જ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. આ બેઠકને લઈને માત્ર સુરક્ષા ઉપર ૫૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે.

ત્રાસવાદી હુમલા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો હતો. કુપવારા જિલ્લામાં આ પ્રયાસ નિષ્ફળ કરીને સુરક્ષા દળોએ મોટી સફળતા હાસલ કરી હતી. કુપવારાના કેરન સેક્ટરમાં ત્રાસવાદીઓએ ઘુસણખોરીનો મોટો પ્રયાસ કર્યો હતો. આતંકવાદીઓ દ્વારા હાલમાં મોટાપાયે ઘુસણખોરી કરવામાં આવી રહી છે. રમઝાનના ગાળા દરમિયાન યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હોવા છતાં આતંકવાદીઓ સતત હુમલા કરતા રહ્યા છે. રમજાનમાં યુદ્ધવિરામના ગાળા દરમિયાન ત્રાસવાદી હિંસા વધી ગઈ છે. છેલ્લા ૨૦ દિવસના ગાળામાં જ પહેલા કરતા વધારે લોકોના મોત થયા છે. છેલ્લા ૨૦ દિવસમાં ૩૬થી વધુ લોકોના મોત થયા છે. જેમાં પોલીસ અને સુરક્ષા જવાનોનો સમાવેશ થાય છે. શ્રીનગરના જુદા જુદા સ્થળ પર ૧૯ ગ્રેનેડ ઝીંકવામાં આવ્યા હતા. બે ડઝનથી વધારે લોકો ઘાયલ પણ થઈ ગયા છે. આ વર્ષે જાન્યુઆરીથી લઈને હજુ સુધી ૧૪૩ લોકોના મોત થયા છે. જેમાં ૩૭ નાગરિકો સામેલ છે. ૭૮ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૭માં ત્રાસવાદીઓએ અમરનાથ યાત્રા દરમિયાન ગુજરાતના શ્રદ્ધાળુઓને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા હુમલામાં સાત લોકોના મોત થયા હતા. આ હુમલામાં ૧૯ અન્ય લોકો ઘાયલ થયા હતા. આ હુમલાના કારણે દેશમાં આકોશનુ મોજુ ફરી વળ્યુ હતુ. જમ્મુ કાશ્મીરમાં રમઝાનના પવિત્ર મહિના દરમિયાન સ્થિતિમાં સુધારો થયો છે. જેના પરિણામ સ્વરુપે સંઘર્ષ વિરામના ગાળાને વધારવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે.. સ્થાનિક લોકો પણ સંતુષ્ટ દેખાઈ રહ્યા છે. રમઝાનના ગાળા દરમિયાન સુરક્ષા દળોએ એક સર્ચ ઓપરેશન પણ હાથ ધર્યા નથી. આ ઉપરાંત કોઈપણ નિવાસી વિસ્તારને ખાલી કરાવ્યા નથી. સુરક્ષા દળો અને નાગરિકો વચ્ચે કોઈ અથડામણ પણ થઈ નથી. છેલ્લા ચાર સપ્તાહના ગાળામાં પથ્થરબાજીની ઘટનાઓમાં ૯૦ ટકાનો વધારો થયો છે. તમામ પાસા પર ચર્ચા જારી છે.

આત્મહત્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેઓએ સ્વીકાર્યો ન હતો. તેમણે એ વખતે કહ્યું હતું કે, સંતો માટે પદનું મહત્વ નથી. તેમના માટે લોકોની સેવા મહત્વપૂર્ણ છે. ભૈયુજી મહારાજને રાજકીયરીતે પણ ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવતા હતા. શક્તિશાળી સંત પૈકીના એક હતા. તેમનું વાસ્તવિક નામ ઉદયસિંહ દેશમુખ હતી અને પિતા મહારાષ્ટ્રમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા હતા. તેમનું નામ એ વખતે ચર્ચામાં આવ્યું હતું જ્યારે ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન દરમિયાન ભુખ હડતાળ ઉપર બેઠેલા અણ્ણા હજારને મનાવી લેવા માટે યુપીએ સરકારે તેમનો સંપર્ક કર્યો હતો. જ્યારે તેઓ નાની વયમાં હતા ત્યારે સિયારામ શૂટિંગ માટે પોસ્ટર મોડલિંગ કરી રહ્યા હતા. તલવારબાજી, ઘોડેસવારી અને ખેતીનું કામ પણ કરતા હતા. તેઓ ફેસ લીડર તરીકે પણ હતા. ભૈયુજીએ પ્રથમ પત્નિના મોત બાદ ગયા વર્ષે બીજા લગ્ન કર્યા હતા. પ્રથમ પત્નિ માધવીથી તેમની એક પુત્રી પણ છે. પત્નિના મોત બાદ ભૈયુજી પર આશ્રમની એક મહિલા સાથે સંબંધોનો આક્ષેપ પણ મુકવામાં આવ્યો હતો. ગયા વર્ષે ૩૦મી એપ્રિલના દિવસે આયુષી નામની મહિલા સાથે ભૈયુજીએ લગ્ન કરી લીધા હતા. તેમના આપઘાતને લઈને જોરદાર ખળભળાટ મચી ગયો છે. ભૈયુજી મહારાષ્ટ્રના સસરા મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ રહ્યા હતા. કેન્દ્રીય મંત્રી વિલાસરાવ દેશમુખ સાથે તેમના સંબંધ રહ્યા હતા. મહારાષ્ટ્રની રાજનીતિમાં સંકટ મોચક તરીકે ગણાતા હતા. ગ્લોબલ વોર્મિંગને